RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 347 * Date: 07.10.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-



# અરવલ્લી જિલ્લામાં તારીખ ૭ થી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહ ઉજવણી કરાશે

મોડાસા

રાજ્ય સરકાર દ્વારા સુશાસનના ઉત્સવ રૂપે તારીખ ૭ થી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સાપ્તાહની ઉજવણી થનાર છે અરવલ્લી જિલ્લામાં વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો ના સુચારુ આયોજન સંદર્ભે જિલ્લા કલેકટરશ્રી પ્રશસ્તિ પારીકની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી

તારીખ ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર દરમિયાન વિકાસ સાપ્ત ના વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવનાર છે અને નિર્ધારિત ગામે ગામ વિકાસ રથ ફરશે તેમાં વિકાસની ફિલ્મ અને પ્રસાર સાહિત્ય યોજના કી એ સમજ આપશે નોંધનીય એ છે કે વિકાસ સાપ્તાહની ઉજવણી અંતર્ગત ૨૭ ગામોમાં રથનું સ્વાગત અને આયોજન લાભોનું વિતરણ યુવા સચિતકરણ દિવસ પોષણ દિવસ




ઉદ્યોગ સાહસિકતા દિવસ કૃષિ વિકાસ દિવસ રવિ કૃષિ મહોત્સવ રોજગાર મેળો જન સુવિધા લક્ષી પ્રકલ્પ ના કાદ મુરત લોકાર્પણ રાત્રી સભા વગેરે કાર્યક્રમો યોજાશે આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી દિપેશ કેડિયા નિવાસી અધિક કલેકટર શ્રી દેવી મકવાણા પ્રાંત અધિકારી શ્રી મોડાસા સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

## તંત્રી સ્થાનેથી..

### સોનું ફરી રૂ. ૧૫૦૦ ઉછળી નવી રૂ. ૧,૨૪.૦૦૦ની ટોચે, ચાંદી દોઢ લાખથી વધી ઓલ ટાઈમ હાઈ

સોના-ચાંદીના ભાવ રોજ નવી ઐતિહાસિક ટોચ નોંધાવી રહ્યા છે. વૈશ્વિક બજારોના સથવારે આજે સ્થાનિક બજારમાં સોનાનો ભાવ રૂ. ૧૫૦૦ ઉછળી ફરી નવી રૂ. ૧,૨૪,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો છે. ચાંદી પણ રૂ. ૨૦૦૦ ઉછળી રૂ. ૧,૫૨,૦૦૦ પ્રતિ કિગ્રાની રેકોર્ડ ટોચે પહોંચી છે.એમસીએક્સ ખાતે સાંજના સેશન દરમિયાન સોનાનો ૫ ડિસેમ્બર વાયદો ૧૭૪૧ રૂપિયા ઉછળી ૧૧૯૮૫૪ પ્રતિ ૧૦ ગ્રામની સપાટીએ ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે ચાંદી વાયદો રૂ. ૧૪૫૨ ઉછળી રૂ. ૧૪૭૧૯૬ પર ક્વોટ થયો હતો. અમેરિકામાં ફેડ રિઝર્વ દ્વારા વ્યાજના દર ઘટાડવાની પ્રબળ શક્યતાઓ વચ્ચે કિંમતી ધાતુમાં રોકાણ વધ્યું છે. વૈશ્વિક બજારોમાં સોનું ૩૯૦૦ ડોલર પ્રતિ ઔંસનું રેકોર્ડ લેવલ ક્રોસ કરી ગયુ છે. ફેડ ગવર્નર સ્ટીફન મિરાને હાલમાં જ વ્યાજના દરોમાં ઘટાડો કરવા મુદ્દે જાણકારી આપી હતી. વ્યાજના દરોમાં ઘટાડો તેમજ ટેરિફના કારણે સર્જાયેલી અનિશ્ચિતતાના પગલે સોના-ચાંદીમાં પૂરબહાર તેજી જોવા મળી છે.

અમેરિકાની અર્થવ્યવસ્થા પર અનિશ્ચિતતા અને જીડીપી ગ્રોથમાં ઘટાડાની ભીતિ સર્જાઈ છે. અમેરિકામાં બેરોજગારીનો દર પણ વધી રહ્યો છે. બીજી તરફ રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ વૈશ્વિક સ્તરે જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ સર્જી રહ્યું છે. જેના પગલે રોકાણકારો સેફ હેવન તરફ ડાયવર્ટ થયા છે. ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિના કારણે વિવિધ દેશોની સેન્ટ્રલ બેન્કોએ ગોલ્ડ રિઝર્વમાં વધારો કર્યો છે. વધુમાં ઈકો-ફ્રેન્ડલી વ્હિકલ્સને પ્રાધાન્ય આપતાં ઈ-વ્હિકલ્સની માગ વધી છે. ઈલેક્ટ્રોનિક ગેજેટ્સમાં પણ વેચાણ વધતાં ચાંદી ઓન ડિમાન્ડ છે. ડોલર સામે રૂપિયો પણ તળિયે ઝાટક થયો છે.

# ૭ ઓક્ટોબર, યુવા સશક્તિકરણ દિવસઃ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાત છેલ્લા ૨૪ વર્ષમાં બન્યું સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓનું હબ

ગાંધીનગર, ૦૬ ઓક્ટોબર ૨૦૨૫ઃ કોઈપણ રાષ્ટ્રનું ઉજ્જવળ ભવિષ્ય તેની યુવા શક્તિ પર નિર્ભર હોય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આ બાબત પર ભાર મૂકીને વિકસિત ભારતના વિઝનમાં પણ યુવાનોને કેન્દ્રસ્થાને રાખ્યા છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે અને વર્તમાનમાં દેશના વડાપ્રધાન તરીકે તેમણે છેલ્લા ૨૪ વર્ષમાં ગુજરાતના યુવાઓને સશક્ત બનાવવા અને તેમની બુદ્ધિ પ્રતિભા અને ક્ષમતાઓને તક મળે તેવા વાતાવરણનું નિર્માણ કર્યું છે. ૭ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ તેમના માર્ગદર્શનમાં રાજ્યની વણથંભી વિકાસ યાત્રાના સફળ ૨૪ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. ૨૪ વર્ષની સંકલ્પ સિદ્ધિની ગાથા જનજનમાં ઉજાગર કરવા માટે દર વર્ષે ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી થશે. આ અંતર્ગત આ વર્ષે ૭ ઓક્ટોબરે યુવા સશક્તિકરણ દિવસની ઉજવણી કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, યુવાનોને ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણથી લઈને વિશ્વકક્ષાના ઉચ્ચશિક્ષણ સાથે રોજગાર-સ્વરોજગારના અવસરો આપવા માટે રાજ્ય સરકારે અનેકવિધ યોજનાઓનો અસરકારક અમલ કર્યો છે, જેના આજે સકારાત્મક પરિણામો આપણે સૌ જોઈ શકીએ છીએ. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં જ ગુજરાત આજે સેક્ટર-સ્પેસિફિક યુનિવર્સિટીઓનું હબ બન્યું છે.આજથી ૨૪ વર્ષ પહેલાં ગુજરાતના વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણ, ખાસ કરીને મેડિકલ અને એન્જિનિયરિંગ શિક્ષણ મેળવવા માટે વિદેશ જવું પડતું હતું, પરંતુ આજે ઘર આંગણે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થઈ રહ્યું છે. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાજ્ય સરકારે યુનિવર્સિટીઓની તેમજ ટેક્નિકલ શિક્ષણમાં સીટ્સની સંખ્યા વધારી છે.

# દિવાળીમાં સાયબર ફ્રોડ ૬૦% વધી જવાનું જોખમ, ઈ-શોપિંગ અને ચુકવણી વખતે એલર્ટ રહેવું

નવરાત્રિ પૂર્ણ થઈ અને દિવાળી માટે બજારો સજ્જ થઈ રહી છે. આવા તબક્કે જ દિવાળીમાં સાયબર ક્રાઈમમાં ૬૦ ટકા જેવો ઉછાળો આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સ્થાનિક બજારોમાંથી ખરીદીની સાથોસાથ જ સારી સ્કીમ્સની ઓફર સાથે ઓનલાઈન માર્કેટ પણ ધમધમવાની છે. બજારો સજ્જ બની રહી છે સાથે જ ૧૦૦ પ્રકારના ગુનાના ઈન્ટરનેશનલ ફ્રોડ નેટવર્ક સાથે સાયબર ગઠિયાઓ સક્રિય થવાની તૈયારીમાં છે. ઓનલાઈન શોપિંગની આડઅસર ગણો કે લોભામણી લાલચમાં લોકોને ફસાવવાના કારસ્તાન, વર્ષ ૨૦૨૩માં નવરાત્રિ - દિવાળી દરમિયાન સાયબર ક્રાઈમમાં ૫૪ ટકા અને



૨૦૨૪માં ૬૦ ટકાનો વધારો નોંધાયો હતો તેમાં આ વખતે ૬૦ ટકા ઉછાળો આવવાની ધારણા વ્યક્ત કરવામાં આવે છે. બજારની સ્કીમો વચ્ચે સાયબર ગઠિયાઓની સ્કીમ સામે સતર્કતા જ શ્રેષ્ઠ ઉપાય છે.દિવાળીના તહેવારો આડે ગણતરીના દિવસો છે, બજારોમાં ખરીદીનો કરન્ટ દેખાઈ રહ્યો છે. ઓનલાઈન ખરીદી હોય કે ઓફલાઈન ખરીદી, કોઈપણ ખરીદીના પેમેન્ટ ઓનલાઈન કરાવવા માટેના પ્રયાસો સતત ને સતત વધી રહ્યા છે. અત્યારે ભારતમાં ૩૫ ટકા ખરીદી ઓનલાઈન પેમેન્ટથી થાય છે, તેમાં મોટો હિસ્સો ગ્રોસરી, ફૂડ ડિલિવરી અને ટ્રાવેલ બિઝનેસનો છે. વર્ષ ૨૦૨૬ સુધીમાં આ ટકાવારી ૫૦ ટકા સુધી પહોંચવાની ધારણા છે. દેશમાં ૭૦ કરોડથી વધુ ઈન્ટરનેટ યુઝર્સ છે તેમાંથી ૩૫ ટકા લોકો ૪ લાખ કરોડ રૂપિયા ડિજીટલ ઈ-કોમર્સના ઉપયોગથી ચૂકવે છે.

જાન્યુઆરી ૨૦૨૦થી મે ૨૦૨૩ સુધીમાં ગુજરાતમાંથી જ નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ ઉપર ૧.૫૯ લાખ લોકોએ અરજી કરી હતી. રાજયના સાયબર ક્રાઈમ ટાર્ગેટેડ નવ રાજયોમાં ગુજરાતનો સમાવેશ થાય છે. જોકે ગુના નોંધવાના મામલે ગુજરાતનો નંબર છઠ્ઠો આવે છે. દેશભરમાં સાયબર ક્રાઈમની કુલ ૨૨.૫૭ લાખ અરજી આવી હતી તેમાંથી માંડ ૨ ટકા અરજીઓમાં એફઆઈઆર નોંધાઈ કે નોંધાવાઈ હતી.

# વેરાવળમાં કરૂણાંતિકા, મોડી રાતે 3 માળનું મકાન ધરાશાયી થતાં માતા-પુત્રી સહિત 3 લોકોના મોત

ગીર સોમનાથના વેરાવળ શહેરના ખારવાવાડ વિસ્તારમાં ગત મોડી રાતે મોટી દુર્ઘટના સર્જાઈ છે. જ્યાં અંદાજે ૮૦ વર્ષ જૂનું અને જર્જરિત ત્રણ માળનું રહેણાંક મકાન અચાનક ધરાશાયી થતાં ત્રણ લોકોનાં મોત નિપજ્યાં હતા, જ્યારે બે વ્યક્તિઓને કાટમાળમાંથી જીવતા બચાવી લેવાયા છે.

મળતી માહિતી અનુસાર, અચાનક મકાન ધરાશાયી થતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં દેવકીબેન સૂયાની અને જશોદાબેન સૂયાની સહિતી મકાન નીચે ઉભેલા એક બાઈકસવાર ૩૪ વર્ષીય દિનેશ જુંગીનું પણ કાટમાળ હેઠળ દબાઈ જવાથી ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

ઘટના બાદ તરત જ ફાયર ફાઈટર, પોલીસ,





નગરપાલિકાની ટીમ, તેમજ ખારવા સમાજના આગેવાનો અને યુવાનોએ યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી હતી. રાતે શરૂ થયેલી આ કામગીરી વહેલી સવારે ૪:૩૦ વાગ્યા સુધી ચાલી હતી. બચાવ કામગીરી દરમિયાન શંકર સૂયાની અને અન્ય એક મહિલાને જીવતા બહાર કાઢવામાં આવ્યા હતા.

સ્થાનિક લોકોના જણાવ્યાનુસાર, આ મકાન લાંબા સમયથી જર્જરિત હતું. આ દુર્ઘટનાને કારણે સમગ્ર ખારવા સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# કોંકણા સેન શર્મા ઓટીટી કોમેડી શોનું દિગ્દર્શન કરશે



મુંબઈઃ કોંકણા સેન શર્મા ફરી દિગ્દર્શન ક્ષેત્રે પુનરાગમન કરી રહી છે. તે એક વેબ શોનું દિગ્દર્શન કરવાનું છે. આ વેબ શો એક કોમેડી ડ્રામા હશે.

હાલ આ શો માટે કાસ્ટ નક્કી થઈ રહી છે. કંગનાની દિગ્દર્શક તરીકેની ફિલ્મ 'એ ડેથ ઈન ધી ગુંજ'ને સમીક્ષકોએ વખાણી હતી. છેલ્લે તેણે ૨૦૨૩માં 'લસ્ટ સ્ટોરીઝ ટુ' માટે એક એપિસોડનું દિગ્દર્શન કર્યું હતું.

નવા કોમેડી ડ્રામામાં તેની સાથે જયદીપ સરકાર સહ દિગ્દર્શક હશે. આ કોમેડી ડ્રામામાં સાઉથ દિલ્હીના બેક ગ્રાઉન્ડમાં રોમાન્સ તથા કોમેડીનું ફ્યૂઝન જોવા મળશે.

કંગના અગાઉ પણ એક વેબ સીરિઝનું દિગ્દર્શન કરવાની હતી. જોકે, કોઈ કારણોસર એ પ્રોજેક્ટ ક્યારેય આગળ વધ્યો ન હતો.

# બાહુબલી ફિલ્મના બંને ભાગ ઓટીટી પરથી ગાયબ

મુંબઈઃ પ્રભાસને પાન ઈન્ડિયા સ્ટાર બનાવી દેનારી એસ એસ રાજામૌલીની ફિલ્મ 'બાહુબલી'ના બંને ભાગ ઓટીટી પરથી ગાયબ કરી દેવાયા હોવાનું કહેવાય છે. એક દાવો એવો છે કે કદાચ આ ફિલ્મના સ્ટ્રિમિંગ રાઈટ્સ મર્યાદિત સમય માટે જ અપાયા હોય અને તેથી આ ફિલ્મ દર્શાવવાની બંધ કરાઈ હોય. બીજી ચર્ચા એવી છે કે ઓટીટી પ્લેટફોર્મ દર થોડાં વર્ષે તેમની મૂવી લાયબ્રેરી અપડેટ કરતાં હોય છે અને તેના ભાગ રુપે કેટલીક ફિલ્મો ગાયબ થતી હોય છે. જોકે, સાઉથની ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા મુજબ રાજામૌલી ફિલ્મના બંને ભાગને એક સળંગ સિંગલ ફિલ્મ તરીકે નવેસરથી એડિટ કરી રજૂ કરવાના હોવાથી તેની માર્કેટિંગ સ્ટ્રેટેજીના ભાગ રુપે જ આ બંને ભાગને ઓટીટી પરથી ઉડાડી દેવાયા છે. કોઈ ફિલ્મ બે ભાગમાં રીલિઝ થઈ હોય અને તેને વર્ષો બાદ રિએડિટ કરી એક સિંગલ ફિલ્મ તરીકે રીલિઝ કરવામાં આવે તેવો આ સંભવતઃ પહેલો પ્રયોગ છે. તેને ટિકિટબારી પર કેટલી સફળતા મળે છે તેની રાહ સમીક્ષકો જોઈ રહ્યા છે.

# ટાઇગર શ્રોફ સિલ્વેસ્ટર સ્ટેલોન અને ટોની ઝા સાથે હોલીવૂડ ફિલ્મમાં જોવા મળશે



મુંબઈઃ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હાલ ટાઈગર શ્રોફ, સિલ્વેસ્ટર સ્ટેલોન અને ટોની ઝાની ત્રિપુટી એક એકશન ફિલ્મમાં જોવા મળશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. આ એક પૈન-વર્લ્ડ એકશન ફિલ્મ બનાવવાના પૂરા પ્રયાસ થઈ રહ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ એક વૈશ્વિક યોજના છે જેને બહુભાષી ફિલ્મના રૂપે બનાવવામાં આવશે.આ ફિલ્મનું શૂટિંગ એપ્રિલ ૨૦૨૬ના રોજ શરૂ કરીને સપ્ટેમ્બરમાં પુરુ કરવાની યોજના છે. ફિલ્મ સાથે જોડાયેલા સૂત્રે કહ્યું હતું કે, સિલ્વેસ્ટર સ્ટેલોન અને ટોની ઝા સાથે તો પહેલા જ વાતચીત થઈ ગઈ છે. હવે ટાઈગર શ્રોફ પણ હવે આ ફિલ્મમાં કામ કરે તેવી પૂરી શખ્યતા છે. ફિલ્મનું દિગ્દર્શન ભારતીય દિગ્દર્શક કરશે તેવી પણ વાત છે. પરંતુ ફિલ્મને લઈને સઘળી બાબતો ગુપ્ત રાખવામાં આવી છે. રસપ્રદ છે કે, જો સઘળું સમૂસુથરું પાર પડશે તો ટાઈગર શ્રોફ આ ફિલ્મ દ્વારા હોલીવૂડમાં ડેબ્યુ કરશે. જ્યારે સ્ટેલોન અને ટોની ઝા એ એકશન ફિલ્મ સાથે બોલીવૂડમાં એન્ટ્રી કરશે. જોકે ભૂતકાળમાં સ્ટેલોને કમ્બક્ત ઈશ્કમાં કેમિયો કર્યો હતો.

# અરબાઝ ખાન બીજાં લગ્ન બાદ ૫૮ વર્ષે દીકરીનો બાપ બન્યો

મુંબઈઃ સલમાન ખાનનો ભાઈ તથા એક્ટર પ્રોડ્યૂસર અરબાઝ ખાન બીજાં લગ્ન બાદ ૫૮ વર્ષે ફરી પિતા બન્યો છે. તેની બીજી પત્ની શૂરાએ એક બાળકીને જન્મ આપ્યો છે. અરબાઝે મલાઈકાને છૂટાછેડા આપ્યા બાદ બે વર્ષ પહેલાં શૂરા સાથે લગ્ન કર્યાં હતાં. અરબાઝ અને તેની પહેલી પત્ની મલાઈકાનો દીકરો અરહાન હાલ ૨૨ વર્ષનો છે. થોડા સમય પહેલાં શૂરા પ્રેગનન્ટ હોવાના ન્યૂઝ આવ્યા હતા. એ પછી શૂરાની ગોદ ભરાઈ રસમના વિડીયો પણ વાયરલ થયા હતા. સલમાન, અરબાઝ તથા સોહેલને એક સગી બહેન અલવીરા છે. આ પરિવારે અર્પિતાને દત્તક લીધી છે. સલમાનનાં લગ્ન થયાં નથી જ્યારે સોહેલ ખાનને પણ એક પુત્ર જ છે. આમ, ખાન પરિવારમાં વર્ષો બાદ કોઈ બાળકીનું આગમન થયું છે.

# ખાન પરિવારના ઘરે પારણું બંધાયું, અરબાઝની પત્ની શૂરાએ પુત્રીને જન્મ આપ્યો

બોલિવૂડના સૌથી લોકપ્રિય પરિવાર ગણાતા ખાન પરિવારમાં ખુશીઓ છવાઈ ગઈ છે. સલમાન ખાનના ભાઈ અરબાઝ ખાન અને તેની પત્ની શૂરા ખાન તેમના પહેલા બાળકના માતા-પિતા બન્યા છે. શૂરા ખાને એક દિકરીને જન્મ આપ્યો છે. ખાન પરિવારમાં લક્ષ્મીના આગમનથી ઘરમાં જન્શનો માહોલ છે. દરેક વ્યક્તિ આ દંપતીને અભિનંદન આપવા માટે વ્યસ્ત છે. ચાહકો સોશિયલ મીડિયા પર દંપતિને અભિનંદન આપી પોતાનો આનંદ વ્યક્ત કરી રહ્યા છે.અરબાઝની પત્ની શૂરાએ આજે ?એટલે કે ૫ ઓક્ટોબર એક દિકરીને જન્મ આપ્યો છે. ઘરમાં લક્ષ્મીજીના આગમનથી આખા પરિવારમાં ઉજવણીનો માહોલ છે. બધા ખૂબ જ ખુશ છે. અરબાઝ પહેલાથી જ એક પુત્ર અરહાનનો પિતા છે અને હવે, તે પુત્રીના જન્મથી ખૂબ જ ખુશ છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ







**NG: NOG SS No. 347**

વિષયઃ- શરદ પૂનમ
શીર્ષકઃ- રાત શરદ પૂનમની
પ્રકારઃ- પદ્ય.     શબ્દો :૪૧

આવી રાત શરદ પૂનમની સખી,
ખીલ્યું સૌંદર્ય રાતનું સોળે કળાએ.
રાસલીલા શ્રી કૃષ્ણની ગોપીઓ સંગ,
થાય ધન્ય ભક્તો રચી રાસલીલા.
ધરાવી નૈવેદ્ય દૂધ પૌઆનોં ધાબે જઈ,
પામે શીતળતા ચંદ્રની ચાંદનીમાં.
ધન્ય થઈ જાય જીવન સૌનું
કરે આરાધના શ્રી હરિની આ ચાંદનીમાં.

સ્નેહલ જાની, સુરત

**NG: NOG SS no.400**

વિષય-શરદપૂનમ
શીર્ષક-શણગારેલા સમણાં
પ્રકાર-પધ
શબ્દો-૬૫

જાગ્યા આપણે બેઉ કે જાગી આખી રાત..
મન મલકે ,હૈયુ હરખે કરવી એની શું વાત !

નેહ નીતરતાં નયનોનાં નુપૂર નાચી રહ્યા..
રસભરી  રંગતમાં રમણ રુદિયુ મારું બન્યું રળિયાત..

આભ છલકે કે અંતર ?સમજાય નહીં આ હાલાત..
શણગારેલા સમણાઓની  મળી ગઈ સોગાત..

અમીઝરતા તારા સ્પંદનોએ જગાવ્યો ઝંઝાવાત..
નાકામ થઈ કોશિષો કેમ રહે હૈયું હવે હાથ ?

રૂમઝૂમ તારા પાયલ નો ઝણકાર ને ભીતરની ભાત..
શરદ પૂનમની એ રાત બની મદહોશી મુલાકાત..

માલા કકકડ
મોરબી
૬-૧૦-૨૫ શરદપૂનમ

**NG: NOGSS NO: 372**

વિષય : શરદપૂર્ણિમા
શીર્ષક : શરદપૂર્ણિમાનું મહત્વ.
પ્રકાર : ગદ્ય          શબ્દો : ૩૩૪

શરદપૂર્ણિમા એ શરદ ઋતુના આગમનનો અણસાર છે. ખગોળશાસ્ત્રની દૃષ્ટિએ પૃથ્વીની સૂર્યની આસપાસની ભ્રમણકક્ષા ([illegible]) અને તેના અક્ષનો ઝુકાવ ([illegible]) શરદપૂર્ણિમાની રાતને સવિશેષ બનાવે છે. આ સમયે ઉત્તર ગોળાર્ધમાં રાત્રિઓ લાંબી થવા લાગે છે અને દિવસો ટૂંકા થાય છે, જે શરદ ઋતુનું શીતળ અને સ્વચ્છ વાતાવરણ બનાવે છે. ચંદ્ર અને તારાઓના સુમેળથી આકાશમાં અલૌકિક નયનરમ્ય નજારો સર્જાય છે. શરદપૂર્ણિમાની રાતે ચંદ્રનો પ્રભાવ પૃથ્વી પરની જીવસૃષ્ટિ અને પ્રકૃતિ પર પણ પડે છે. વૈજ્ઞાનિક રીતે, ચંદ્રની ગુરુત્વાકર્ષણ શક્તિ સમુદ્રની ભરતી-ઓટને પ્રભાવિત કરે છે, અને પૂર્ણિમાની રાતે આ પ્રભાવ વધુ તીવ્ર હોય છે. આ ખગોળીય ઘટના સાથે શરદપૂર્ણિમાની દૂધ-પૌઆની પરંપરા જોડાયેલી છે.

શ્રીમદ્ભાગવત પુરાણ અનુસાર શરદપૂર્ણિમાની શીતળ રાત્રે પ્રભુ શ્રીકૃષ્ણે પોતાની મુરલીના મધુર સૂર રેલાવ્યા, જેનાથી ગોપીઓ મંત્રમુગ્ધ થઈને તેમની પાસે દોડી આવી. સોળે કળાએ ખીલેલી ચાંદનીમાં પ્રભુએ યમુના નદીના કિનારે દિવ્ય રાસલીલા રચી. આ રાસલીલા એ માત્ર નૃત્ય નહોતું, પરંતુ આત્માનું પરમાત્મા સાથેનું મિલન હતું. પ્રભુએ પ્રત્યેક ગોપીને પોતાની સાથે રાસ રમવાની દિવ્ય અનુભૂતિ કરાવી. ગુજરાતમાં ગામોગામ આજે પણ આ પરંપરા જીવંત છે. શરદપૂર્ણિમાની સુમધુર ચાંદનીની સાથે રાસ-ગરબાના ભવ્ય આયોજનો થાય છે. દરમિયાન દૂધમાંથી બનાવેલી ખીર કે દૂધ-પૌઆ ખુલ્લા આકાશમાં ચાંદનીમાં રાખીને, મધ્યરાત્રે તેનો પ્રસાદ ગ્રહણ કરે છે. માનવામાં આવે છે કે આ ખીર ઔષધીય ગુણોથી ભરપૂર બની જાય છે અને આરોગ્ય માટે લાભદાયી સાબિત થાય છે.

અન્ય એક માન્યતા અનુસાર શરદપૂર્ણિમાની રાત્રે દેવી લક્ષ્મી ધરતી ઉપર વિહાર કરે છે. જે ઘરોમાં શાંતિ, સ્વચ્છતા અને ભક્તિ હોય ત્યાં પોતાનાં આશીર્વાદ વરસાવે છે. કેટલાક વિસ્તારોમાં આ રાતે લોકો દેવી લક્ષ્મીની પૂજા કરે છે અને ઘરોમાં દીવા પ્રગટાવે છે, જેથી સમૃદ્ધિ અને સુખનું આગમન થાય. અન્ય એક પૌરાણિક કથા શરદપૂર્ણિમાને સમુદ્રમંથન સાથે પણ જોડે છે. પુરાણો અનુસાર, જ્યારે દેવતાઓ અને દાનવોએ સમુદ્રમંથન કર્યું ત્યારે અમૃતનું કળશ પ્રાપ્ત થયું. એવું માનવામાં આવે છે કે શરદપૂર્ણિમાની રાતે ચંદ્રના કિરણોમાં આ અમૃતની શક્તિ સમાયેલી હોય છે. આમ, ચંદ્રની ઔષધીય અને દિવ્ય શક્તિની માન્યતા દૃઢ બને છે.

આમ, શરદપૂર્ણિમાની પૌરાણિક કથાઓ આ રાતને ભક્તિ, પ્રેમ, શાંતિ અને સમૃદ્ધિનું પ્રતીક બનાવે છે. આ કથાઓ આપણને શીખવે છે કે આ રાતે ચંદ્રની ચાંદનીમાં પ્રકૃતિનું સૌંદર્ય જ નથી, પરંતુ દિવ્ય શક્તિઓનાં આશીર્વાદ પણ સમાયેલાં છે.

સંજય બી. મહેતા (અમદાવાદ)

**NG: NOG # 230**

વિષય : શરદ પૂનમ ?શીર્ષક : ચાંદ ?પ્રકાર : પદ્ય  શબ્દ : ૯૩

?મારી ચોરસ બારીમાંથી?એ ડોકિયા કરે?અડધી રાતે મારી સાથે?આંખ મીંચામણાં કરે?એની શીતળતા મને ભીંજવી નાખે?હું આંખો બંધ કરીને?એની શીતળતામાં મહાલું ?ધીરે ધીરે એ મારી બારીમાંથી ખસી ને?બીજાંની બારીમાં જાય..?તો પણ હું રાત પડવાની રાહ જોઉં ?કે ક્યારે એ મારી બારીમાંથી ડોકિયું કરે.?ચૌદ દિવસે એ પૂરો ચહેરો બતાવે..?પછી હું એને  ઘટતા ઘટતા નખ જેવો બનતા જોઉં?અને અમાસમાં એને આકાશમાં શોધુ?મારી બેચેન આંખો સિતારાઓને પૂછે" ક્યાં રહી ગયો મારો પ્રેમી"??ફરી નખ જેવો બની મારી આશાઓને જીવંત કરે?ફરી તારા પૂર્ણ થવાની રાહ જોઈશ વહાલમ..

-સપના વિજાપુરા

**NG: NOG SS NO: 00 51**

વિષય :  શરદ પૂનમ
શીર્ષક : અજવાળી આસોની રાત
પ્રકાર : પદ્ય  - શબ્દો : ૮૪

આવી રે આવી
શરદ પૂનમની રાતડીરે..
સોળે કળાએ ખીલ્યો
રૂડાં શણગાર સાથેરે..
આભે ચમકે તારા
ચાંદલિયો ઉગ્યો ચોકરે..
રાસની રમઝટ ઝામી
પૂનમ કેરી રાતડીરે..
ગોપીઓ કૃષ્ણમય બની
અજવાળી આસોની રાત..

નામઃ ઉર્વશી મહેતા.અમદાવાદ.

**NG: NOG SS 321**

વિષય.. શરદ પૂનમ
શીર્ષક .. માડી ગરમે ઘૂમવા આવો ને...
પ્રકાર. પદ્ય .શબ્દ ૧૦૧

હો આવી અજવાળી પૂનમની રાત,
માડી ગરબે ઘૂમવા આવો ને...

સરખી સહેલીઓ સંગે ઘૂમે છે,
નવરંગ ચૂંદડી શોભે છે માવડી,
સાથે ચમકે આકાશના તારલા,
માડી ગરબે ઘૂમવા આવો ને...

ઢોલના તાલે  ગરબો ઘૂમે છે,
ઝળહળે ભક્તિની વાત,
હો આવી અજવાળી પૂનમની રાત,
માડી ગરબે ઘૂમવા આવો ને...

તારા બાલુડા વિનવે છે તુજને,
પ્રેમથી પધારો માડી ચોકમાં રે,
રેલાય છે ચાંદની ગોખમાં રે.,
માડી ગરબે ઘૂમવા આવો ને...

હાથમાં દાંડિયા, હૃદયમાં આનંદ,
ગુંજે ગરબાની ધૂન સૌના તાલે,

આકાશે ચંદ્ર હસે મલકાતો,
પૃથ્વી પર ગરબો ગુંજે નાચતો,
તારલાં પણ તાલે ઝૂમે ને,
ભક્તિથી ભરાય આ રાત સુમેળે,
માડી ગરબે ઘૂમવા આવો ને...

સુચિતા રાવલ

**NG: NOG SS NO - 0050**

વિષય - શરદપૂનમ
શીર્ષક - શરદપૂનમની રજની
પ્રકાર - પદ્ય, શબ્દ - ૯૦

...................................... શરદપૂર્ણિમાએ ચંદ્ર ખીલ્યો સોળે કલાએ,
ચંદ્રની શીતલતાનો પ્રકાશ અનેરો,
ગીતામાં નક્ષત્રાણમહં શશી કહી શોભા વધારે,
લક્ષ્મીજી સ્વયં આકાશમાં વિહારે..!

મૃત્યુલોકમાં બોલે કોણ જાગે છે..?
જે જાગે તેને ધનવાન બનાવીશ, કાલિયા નાગના વંશમાં ઉછરેલી કન્યા,
એને કોજાગર વ્રત કરેલું..!

બ્રાહ્મણને જુગાર રમવા બેસાડ્યો બધું હારી ગયો,
લક્ષ્મીજીને વિષ્ણુજી ત્યાંથી પસાર થયા,
વ્રતન લીધે ધનવાન થયો , શરદપુનમની રાત્રે જાગે તેના પર લક્ષ્મીની કૃપા થાય...!

શીતળ પ્રકાશ ઔષધોનું પોષણ કરે ,
ધવલરંગી ઉત્સવને દૂધ પૌંઆ
શરીરમાં ઔષધીનું કામ કરે, વ્રજમાં શ્રીકૃષ્ણે રાસલીલા કરેલી અવિસ્મરણીય,
ધન્ય શરદ પૂનમની રજની..!

મહી મહારાસે દિવ્ય આનંદ દીધો...!

રાગિની શુક્લ "રાગ" મુંબઈ

**NG: NOGSS No.: 0141**

વિષયઃ "શરદ પૂનમ"
શીર્ષકઃ "શ્રેષ્ઠ રસ્તો!"
પ્રકારઃ ગદ્ય / પ્રસંગકથા.  શબ્દોઃ ૩૫૦.

તે દિવસે શરદ પૂનમ હતી! રાત્રીના દોઢ વાગ્યે મારો મોબાઈલ રણકેલો.

આમ તો હું બાર વાગ્યા સુધીમાં સૂઈ જાઉં છું તે, વહેલી પડે સવાર. તે દિવસે ઓફિસમાં કામ હોવાથી મોડે સુધી ત્યાં રહ્યો. પછી શરદપૂનમના રાસગરબા જોવા ગયો. વળી, હું જે મહોલ્લામાં રહેતો હતો ત્યાં "શરદપૂનમ"નો તહેવાર ઉજવવા માટે દૂધપૌંઆનો કાર્યક્રમ રાખેલો હતો, તો ત્યાં દૂધપૌંઆ આરોગીને હજી હમણાંજ ઘેર આવ્યો ને ફોન વાગેલો.

ફોન મારા સાળાનો હતો. એમણે રડતાં રડતાં દુઃખદ સમાચાર આપ્યા કે, બાપુજી હવે આ દુનિયામાં નથી. જલદી આવો, તમારા આવ્યા પછીજ, એમની અંતિમક્રિયા કરવાની વિધિ થશે. એમને અન્ય જગ્યાએ પણ જાણકારી આપવાની હોવાથી તેમણે ફોન બંધ કર્યો.

હું ખૂબ દુઃખી થયો. હવે, તાત્કાલિક નીકળવાનું હતું. હું ખંભાત નોકરી કરતો હતો; ત્યાંથી રાત્રીના બે વાગે સાધન મળવું મુશ્કેલ હતું. ખંભાતથી જો ગમેતેમ કરીને હું અમદાવાદ પહોંચી જાઉં, ત્યાર પછી તો પાટણ પહોંચવામાં કોઈ અગવડ પડવાની નહોતી.

હું ચિંતામાં આવી ગયો. કારણ કે ઓફિસની તિજોરીની બે ચાવીઓમાંથી એક ચાવી મારી પાસે હતી. એના સિવાય ઓફિસના મુખ્ય દરવાજાની, સાહેબની કેબિનની અને અન્ય બીજી મહત્વની ચાવીઓ પણ મારી પાસે હતી. શાખા અધિકારી હાજર નહોતા, નહિતર એમને સોંપીને પણ નીકળી જતો.

મેં મારા ખાસ સહાયક, સંકટ સમયની સાંકળ એવા નિષ્ઠાવાન, તત્પર અને આનંદી સ્વભાવના, કમલેશભાઈ રાણાને ફોન કર્યો.
કમલેશભાઈ, જાગો છો કે?
ઓહ્... રાત્રીના બે વાગે શું કોઈ લૂમ લેવા, તમારી રાહ જોઈ જાગતું હશે? આજે શરદપૂનમ છે... છાનામાના કોક ચંદ્રનાં દર્શન કરી સૂઈ જાવ! એમણે એમનો આનંદી સ્વભાવ દર્શાવ્યો.
મેં કહ્યું યાર, અત્યારે મજાક કરશો નહિ. મારા સસરા દેવ થઈ ગયા છે, મારે તાત્કાલિક પાટણ પહોંચવું પડશે. તમે અત્યારે અહીં આવી, તિજોરી અને ઓફિસની બધી ચાવીઓ લઈ જાવ...

"ઓહ્... માફ કરજો. ચાલો, હું આ આવ્યો." ફોન મૂકી થોડીવારમાં જ તેઓ બાઈક પર આવી ગયા. મેં તમામ ચાવીઓ એમને સોંપી દીધી.

કમલેશભાઈ બોલ્યાઃ 'સાહેબ, ચાલો! હું તમને સાધન માટેની વ્યવસ્થા કરી આપું. તેઓ પરિસ્થિતિ પ્રમાણે ઝડપી નિર્ણય લેવામાં માહિર હતા. મને સીધો શાકભાજી માર્કેટમાં લઈ લીધો અને ત્યાંથી નીકળતી અમદાવાદ જતી એક શાકભાજીની ટ્રકમાં બેસાડી દીધો. એમના ઝડપી નિર્ણય માટે મારી પાસે, અહોભાવ વ્યક્ત કરવા સિવાય બીજું કંઈ નહોતું.

રચયિતાનું નામઃ રસિક વ. પરમાર, "રવ" ગામઃ વસાઈ-ફિંચાલ (પાટણ, ઉ.ગુ.)

**NG: NOGSS NO: 375**

વિષય : શરદપૂનમ
શીર્ષક : રાસલીલા
પ્રકાર :  પદ્ય        શબ્દો : ૮૫

યમુનાની  લહેરોમાં ચિત્ત ભેરવીને રાહ નિહાળશું,
કદંબના વૃક્ષો નીચે  સંવાદો કરી સમય કાપશું,
ઘરસંસાર છોડી આવીશું અમે ને રાધાયે આવશે,
તારું વચન પાળજે કાન્હા, પૂનમે રસ રમવા આવજે.

રંગબેરંગી ચૂંદડી ને મોંઘા શણગાર સજી આવીશું,
આજ તો હૈયાંને  તારી પ્રીતના મધુર રંગે રંગાવીશું,
શરદ ઋતુનાં ઓવારણાં મધરાતે એકસાથે લઈશું,
શીતળ વાંસળીનાં સૂરો જેવી ચંદ્રિકામાં મહાલશું,
રાધાકૃષ્ણની જોડી જાણે, પંકજ ખીલે શ્યામળા જળમાં,
સુવર્ણરૂપી મુખડાને જોવા ઘેલો થયો પવન  ઉપવનમાં,
તારું યે રૂપ કાન્હા ચમકે ભૂરા રત્નસમું મારી આંખમાં,
મિલનથી મોક્ષ અપાવજે, કાન્હા રમજટ જમાવજે
રાસમાં.

——જાગૃતિ દોશી  મોક્ષા

**NG: Nog SSO NO: 229**

વિષયઃ   શરદ પૂનમ
શિર્ષક : પૂનમના પવિત્ર દિવસે શરદ-રજનિ
પ્રકારઃ ગદ્ય  શબ્દોઃ ૩૩૦

શુભારંભ શરદ પૂનમની રાતનો થાય તે સમયે રાધા કૃષ્ણ ના અમર-પ્રેમ સાથે મીરાંની અને નરસિંહ મહેતાની કૃષ્ણ ભક્તિમાં લીન થઈ જવાની વાતો યાદગાર સિલસિલો ચાલુ થાય ! એવી પણ ચર્ચા થઈ જાય કે આ બધી બાબતો સાચી છે? જેનો સાક્ષી ભગવાન છે તે અંગે ઈશ્ર્વર જ લીલાઓ કરીને કર્તા બનેલા  છે.

સમયે  સદાયને માટે સનાતન સત્ય સાબિત થાય છે.  સાચા કર્મ,ધર્મ અને ભક્તિ છે તે મહાન રહે જ છે .જો કે હવેઆ વાત સાચી હોઈ ઉત્તમવિવેકબુદ્ધિસાથે સંકળાયેલ છે.પૂનમના ચંદ્ર અને કળાની જેમ ઉલ્લેખનીય સનતન સત્યો  છે.

શ્રુતિ-સ્મૃતિ ,ધર્મ-કર્મગ્રંથમાં,વેદો-પુરાણોમાં સમગ્ર રીતે આ વાત સાચી હોવા સમજવતો હોય છે. તેથી સમજી વિચારીને નિર્ણય લેવા ધ્યાનમાં રાખીને મન પર કાબૂ મેળવવા માટે પણ કહે છે.

શરદ પૂર્ણિમાની મદહોશ ચાંદનીમાં  અમર  રાસ-ગરબાનો માહોલ સર્જાયો હોય છે! પરંતુ તે સમયે દરેક સમજી વિચારીને વર્તે તે યોગ્ય હોય તો તે શ્રેયકારી છે. તહેવારો દરમ્યાન એક આનંદમાં આવી જવાય તો પણ તે સમયે સજાગતા રાખીને ઉજવણી કરવામાં આવે તો વ્યાજબી છે. વળી વાણી-વર્તનમા સભાનતા દાખવવી પડે છે.

જે સત સાથે સંકળાયેલા લોકો હોય છે તે આવું સાત્વિક મને મને છે. ઉલ્લેખનીય છે કે, દરેકનો શાણા માણસો સાથે સંબંધ જરૂરી હોય . પરંતુ હવે સૂર્ય કે ચંદ્ર ગ્રહણ ને તો જીવનની ચોપાટ બનાવી દે તેવી વ્યક્તિઓ સાથે પણ કામ કરી લેવું પડે છે.

જોકે હવે આ ફિલ્મની જેમ ક્યારેક જીવનશૈલી બને છે. તે સમયે આધુનિકતાનની હોડમાં અત્યારના સંજોગોમાં દ્વારા શરદપુનમની જેમ જીવન સમજી વિચારીને જીવવું. આમાંથી બનાવટી રીતે સુખની શોધ માટે પણ દંભી રીતે જીવતા લોકો હોય છે. તેથી તે ચંદ્રગ્રહણ બનેલા લોકો સુખમાય જીવનની  સૌથી મોટી સમસ્યા બનેલા રહે છે.

શિતળ,સુગંધીદાર, સ્વાદિષ્ટ અને સાત્વિક દૂધપૌંઆ ઉપરાંત ગમતા ફરસાણ સાથે પ્રકૃતિ સાથે શરદીયપુનમ નિમિત્તે સૌ સાત્વિકતા જીવનશૈલી જીવે તો દુનિયામાં  સ્વર્ગનું સર્જન થઈ જાય છે.

પ્રભુકુપાથી જેમ જીવનશૈલી સુધારી લેવી જોઈએ. ઉત્તમ સત્ય કર્મથી માનવીએ કરવાનું હોય છે. તેથી  તે કામ કવિશ્વ કલ્યાણ માટે ઉપયોગી શરદ પૂનમ સાબિત થઈ શકે તેમ છે...!!!

લેખક -" પ્રપાશી" પરેશ મ.પાઠક

**NG: NOG SS No : 0110**

વિષય- શરદ પૂનમ
શીર્ષક- ‘‘ચંદ્રમાની શીતળતા’’
પ્રકાર- ગદ્ય-લેખ   શબ્દ- ૩૪૯

શરદ પૂનમની રાત અને આભમાં ઉગતા પૂર્ણ ચંદ્રમા વિશે કંઈક કેટલાય ગીતો અને ગરબા રચાયેલા છે. ત્યારે એવો વિચાર આવે કે એવું તો શું વિશેષ આ પૂનમની રાતમાં અને પૂર્ણ સ્વરૂપે ખીલેલા ચંદ્રમાં હોય છે જેને કારણે આટલા ભવ્ય ગરબા અને લોકગીતો રચાયેલા છે. વર્ષમાં આવતી દરેક પૂનમની રાત્રે ચાંદો સંપૂર્ણ પ્રકાશિત થાય છે અને ચાંદની રેલાવે છે, પરંતુ આસો માસની શુક્લપક્ષની પૂનમની રાત્રે નભમાં ખીલતા ચંદ્રની ખૂબસૂરતી અલગ જ હોય છે અને તેની ચાંદની ધરતી ઉપર જાણે અપ્રતિમ શીતળતા વરસાવતી હોય છે. સામાન્ય જન એની આકર્ષિતતા ઉપર એમ જ મોહી પડે છે.

વૈજ્ઞાનિક રીતે પણ જોવામાં આવે તો પૃથ્વી અને તેની આસપાસ ભ્રમણ કરતા ચંદ્રની ખગોળકીય પરિસ્થિતિ તપાસતાં એવું માલુમ પડે છે કે શરદપૂનમ ઉપર ચંદ્ર પૃથ્વીની વધુમાં વધુ નજીક હોય છે. જેને કારણે ચંદ્રમાંથી વરસતા અમીકિરણો ધરતી ઉપર વધુ સારી રીતે ઝીલાય છે અને આ અમૃતસમા ચંદ્રકિરણોની માનવ સ્વાસ્થ્ય ઉપર ખૂબ લાભદાયી અસરો થાય છે. ભૂતકાળમાં ભારતમાં જ્યારે આયુર્વેદ અને ઋષિમુનિઓનો યુગ પ્રવર્તતો હતો ત્યારે મોટા મોટા આયુર્વેદાચાર્ય શરદપૂનમની રાત્રે ગંભીરમાં ગંભીર રોગોની ઔષધીઓ તૈયાર કરતા આભાર - નિહારીકા રવિયા  અને શરદ પૂનમના અમૃત વરસાવતા ચંદ્રકિરણોમાં આ ઔષધિને અમૃત પાન કરાવીને પરિપક્વ કરતાં. આ ઔષધી ગંભીર રોગોમાં ખૂબ ઉપયોગી થતી.

આજે પણ શરદપૂર્ણિમાનું અને તેના અમૃતસમા ચંદ્રકિરણોનું મહત્વ આજે પણ એટલું જ સચવાયેલું રહ્યું છે. સામાન્યજન શરદ પૂનમની રાતે દૂધમાં પૌંઆને ભેળવીને ચંદ્રની શીતળ ચાંદનીમાં અમૃત વર્ષાવતા ચંદ્રકિરણો ઝીલવા અગાસી ઉપર ખુલ્લા વાતાવરણમાં રાત્રિના સમયમાં રાખે છે અને કેટલાક કલાક બાદ તેને પ્રેમથી આરોગે છે. એવું મનાય છે કે શરદપૂર્ણિમાના ચંદ્રકિરણો યુક્ત પોષક આહાર વધુ શીતળતા બક્ષે છે અને માણસના સ્વાસ્થ્યમાં બમણો સુધારો કરે છે. આમ કરવાથી ચંદ્રમા જેવી સુંદરતા અને શીતળતા આપણા જીવનમાં પ્રવેશે એવી શુભકામના પણ કરાય છે.
શરદપૂનમની રાત્રીએ નભમાંથી ખીલતો ચાંદો એટલો આકર્ષક લાગે છે કે ચારે તરફ આનંદનું વાતાવરણ રચાઈ જાય છે. ભગવાન શ્રીકૃષ્ણ પણ વૃંદાવનમાં શરદપૂનમની રાત્રીએ હજારો ગોપીઓ સાથે મહારાસ રમ્યા હતા. આથી શરદપૂનમની શીતળ ચાંદનીમાં સહુ નરનારી અવનવા વસ્ત્ર પરિધાન કરીને રાસે ઝુમે છે અને કૃષ્ણ ભક્તિ સાથે આનંદનો અનુભવ કરે છે. એવું કહી શકાય કે શરદપૂર્ણિમા એ માનવજીવનમાં સ્વાસ્થ્ય અને આનંદ ઉમેરવાનો ઉત્સવ છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ




# ધાનેરા તાલુકાના ત્રણ ગામોને દશેરા ના દિવસે પાકા ડામર રોડ ની ભેટ

સર્વ સમાજ ના આગેવાન અને ધાનેરા ધારાસભ્ય માવજીભાઈ દેસાઈ ના હસ્તે દશેરાના પાવન દિવસે ખીમત તેમજ ખાગણ ગામને જોડતાં રૂપિયા છ કરોડ ઉપરાંત ના ખર્ચે આકાર પામનાર ત્રણેય પાકા ડામર રોડ નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

દશેરાના પાવન દિવસે ધાનેરા તાલુકામાં માર્ગ અને મકાન, પંચાયત વિભાગ હસ્તકના અંદાજિત રૂપિયા છ કરોડ ઉપરાંતના ખર્ચે બનનાર ખીમત થી વિરોલને જોડતો માર્ગ, ખાંગણ થી પાંચ પીપળા નેશનલ હાઈવે સુધીનો માર્ગ અને ખીમત ગોળીયા થી પ્રાથમિક શાળાને જોડતો માર્ગ નું ખાતમુહૂર્ત ધારાસભ્ય માવજીભાઈ દેસાઈ ના હસ્તે અને પૂર્વ ધારાસભ્ય મફતલાલ પુરોહિત, બનાસ બેક ના પૂર્વ ચેરમેન સવસીભાઈ ચૌધરી, ભગવાનદાસ પટેલ, વસંતભાઈ પુરોહિત, માર્ગ અને મકાન (પંચાયત) વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર હર્ષદભાઈ પટેલ



સહિત સરપંચો અને આગેવાનો ની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

ખાગણ ગામે જિલ્લા પંચાયત ના પૂર્વ સદસ્ય સ્વર્ગસ્થ જોરાભાઈ વાલાભાઈ દેસાઈ ને યાદ કરી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ત્રણેય ગામના આગેવાનો અને ગ્રામજનોએ રોડ મંજૂર કરાવવા બદલ ધારાસભ્ય માવજીભાઈ દેસાઈ નો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ નું સંચાલન હર્ષદભાઈ દેસાઈ (શિક્ષક) દ્વારા કરવામાં આવ્યું હતું. ધાનેરા તાલુકાનો વાવ-થરાદ જિલ્લામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેથી ધારાસભ્ય માવજીભાઈ દેસાઈ સહિત એ વિરોધ નોધાવ્યો હતો. જોકે, ગુજરાત સરકાર દ્વારા ધાનેરા ને બનાસકાંઠા માં રાખવાનો નિર્ણય કરતાં ધારાસભ્ય ની મહેનત રંગ લાવી હતી. હાલમાં ધાનેરા ના ગામે-ગામ માવજીભાઈ દેસાઈ નું વિશેષ સન્માન કરવામાં આવી રહ્યું છે.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.